

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 12, MARCH 2018 Ahmedabad, (Gujarat)
Page : 32, Rs. 100 Annual



## છોટુભાઈ દેસાઈ

આર્યસમાજ કછોલીના સક્રીય કાર્યકર્તા તેમના પુરુષાર્થથી આર્યસમાજ કછોલીના ભવનનું નિર્માણ થયું. મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભામાં સક્રીય રહી સેવા આપતા. તેઓ આર્યસમાજના અમલસાડ શાસ્ત્રાર્થના સાક્ષી હતા. જાહેર પ્રવૃત્તિઓમાં ખૂબ રસ લેતા. જેમાં આર્યસમાજની વૈદિક ધર્મ પ્રચાર અને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ મુખ્ય રહેતી.

તેઓ શ્રી લલુભાઇ દેસાઈના પુત્ર હતાં. તેઓને આર્યસમાજનાં સંસ્કાર શ્રી ગુલાબભાઈ દેસાઈ અને શ્રી હરિભાઈ માસ્તર દ્વારા પ્રાપ્ત થયા હતાં.

## "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૬)
અંક : ૧૨, માર્ચ - ૨૦૧૮

સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં.: ૯૮૨૪૦ ૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલ નં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦ ૩૧૧૪૬

પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम्।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः।।

આ આખું જગત સૃષ્ટિની પૂર્વે પ્રલયમાં અંધકારથી આવૃત્ત હતું... તે સમયે જગત કોઈના જાણવા યોગ્ય ન હતું, તર્કમાં આવવા લાયક ન હતું અને પ્રસિદ્ધ ચિહ્નોથી યુક્ત ઇન્દ્રિયો વડે જાણવા યોગ્ય ન હતું અને હશે પણ નહીં. કિન્તુ વર્તમાનમાં જાણવામાં આવે છે. - મનુસ્મૃતિ ૫/૫

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૯ |
| પિતૃ નડતર | ૧૨ |
| બાળ વિભાગ | ૧૩ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| મ. દયા. સરસ્સ્વતી જન્મોત્સવ | ૧૯ |
| આણંદ દ્વારા વકતૃત્વ સ્પર્ધા | ૨૦ |
| ગુજ. આર્યસમાજોમાં બોધોત્સવ પર્વ | ૨૧ |
| વૈદિક વાત્સસલ ધામ શિલાન્યાસ | ૨૫ |
| વડોદરા ખાતે વાર્ષિક પ્રશિક્ષણ શિબિર | ૨૯ |
| ગુ. આર્ય. પ્રતિ. સભા દ્વારા સ્વાધ્યાય શિબિર | ૩૦ |
| ભાવનગર આર્ય દ્વારા યોજાઇ વિચાર ગોષ્ઠી | ૩૧ |
| ટંકારા ટ્રસ્ટી તરીકે ડૉ. અવિનાશ ભટ્ટની વરણી | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# પ્રાર્થના

– આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી મળેલ જીવન શરીરમાં રહેતા રહેતા આપણે અનેક વિશેષ કાર્યો કરવામાં સમર્થ છીએ. પ્રભુને પ્રાર્થના કરવી તેમાંનું એક છે. સંસારની અધિકાંશ વ્યક્તિ કોઇને કોઇ રૂપમાં પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રાર્થના કરતા જ રહે છે. પોતપોતાની માન્યતા અનુસાર પ્રભુને અલગ-અલગ સ્વરૂપમાં માનવા છતાં પણ પ્રાર્થના તો લગભગ બધાં લોકો કરતા રહે છે. જ્યારે પોતાની શક્તિ સામર્થ્યથી જે બધું કરવા ઇચ્છીએ છીએ તે આપણે નથી કરી શકતા, જ્યારે સ્વયંની શક્તિ-સામર્થ્યથી આપણે તે બધું પ્રાપ્ત નથી કરી શકતા, જે સર્વ આપણે તે મેળવી શકતા નથી. બસ અહીંથી જ આપણી પ્રાર્થનાનો જન્મ થાય છે.

આપણાં સૌમાં ખામીઓ (ઉણપ) છે, આપણે તેને દૂર કરવા ઇચ્છીએ છીએ, અન્ય કોઇ પ્રત્યક્ષ સહારો ન મળવાથી આપણે પરોક્ષ સહારા-શક્તિ પાસે આશા કરીએ છીએ કે તે આપણી આ કમી - ન્યૂનતા - અભાવને દૂર કરે. આ બિલકુલ સ્વાભાવિક અને યોગ્ય પણ છે. આપણે આપણા જીવનમાં જેનો પણ અભાવ અનુભવીએ છીએ, તેના માટે પ્રાર્થના કરવા લાગી જઇએ છીએ. અલગ અલગ લોકોને અલગ અલગ અભાવ ડંખે છે. તેના અનુસાર જ તેમની પ્રાર્થનાનું સ્વરૂપ બને છે.

પ્રભુએ માનવ શરીર આપીને આપણાં કર્મોના અનુસાર અત્યન્ત કૃપા કરી છે માનવ શરીર ચલાવવા માટે આવશ્યક જ્ઞાન-વસ્તુઓ આપીને પુનઃકૃપા કરી છે. પ્રભુની આ કૃપા આપણાં કર્મ-સાપેક્ષ હોય છે. આપણા કર્મોના અનુસાર જ આપણને માનવ શરીર મળ્યું. શરીરનું સ્વરૂપ, બુદ્ધિ, સ્વાસ્થ્ય વગેરે પણ ઇશ્વર પ્રદત્ત છે, તે આપણા પૂર્વ કર્મોની અનુસાર છે. આ જન્મનો પુરુષાર્થ કે અપુરુષાર્થ તેને વધારે સારા કે ખરાબ બનાવતા રહે છે. આપણાં કર્મ-સાપેક્ષ છે. અન્યાય - અધર્મથી આપણે ધન વગેરે સાધન મેળવી શકીએ છીએ. મેળવીએ છીએ, પરંતુ તે દંડ સહિત ભોગવવો પડે છે. આથી આવી પ્રાપ્તિને ઉપલબ્ધિ ન કહી શકાય, તેને પ્રભુકૃપા ન કહી શકાય.

પ્રભુ પાસેથી આપણને જે કંઇ મળ્યું છે, તે આપણા કર્માનુસાર મળેલ

અનુસંધાન પાના નં: ૯.પર

વૈદિક ઉપદેશ

# સુશાસન

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

મા વઃ સ્તેન ઙ ઈશત મા માઘશં ँ સઃ ।
- યજુર્વેદ ૧/૧

ગયા મહિનામાં આપણે દેશભક્તિના ગુણને ગ્રહણ કરી ચૂક્યા છીએ. તો આવો, આપણે હવે એ જોઇએ કે પોતાના દેશની સાચી સેવા કેવી રીતે કરી શકાય છે? આપણે માતાની સેવા કેવી રીતે કરીએ? આપણે શું કરીએ, કેવી રીતે કરીએ, જેથી આપણી માતૃભૂમિ ભારત ભૂમિ ખરેખર ઉન્નત બની જાય, આપણો દેશ સંસારમાં યશસ્વી બને, આપણી દેશમાતાનું મુખ ઉજ્જ્વળ બને?

આ વિષયમાં મેં જે વેદ વચનમાંથી શિક્ષણ મેળવ્યું છે, તે યજુર્વેદના પહેલા મંત્રનું જ વચન છે -

મા વઃ સ્તેન ઙ ઈશત મા માઘશં ँ સઃ ॥

(વઃ) તમારા ઉપર (સ્તેનઃ) ચોર (મા) નહિ (ઈશત) શાસન કરે. (અઘ શંસઃ) પાપ વધારનાર (મા) શાસન ન કરે.

જ્યાં સુધી આપણા ઉપર વિદેશી શાસન હતું ત્યાં સુધી હું આ વેદમંત્રને તે 'ચોર' અને 'અઘશંસ' શાસનને દૂર કરવા માટે પ્રમાણના રૂપમાં ઉપસ્થિત કરતો હતો. પરંતુ આ વેદમંત્રના ભાવનું પાલન કરવાની આપણા લોકોના રાજ્યના સંબંધમાં પણ આપણને એવી જ જરૂર છે, જેવી પહેલા હતી. જો કે તેનું પાલન કરવું હવે પોતાનુ રાજ્ય (લોકશાહી) થઇ જવાથી આપણા માટે વધારે સહેલું થઇ જવું જોઇએ.

'યથા રાજા તથા પ્રજા'ની કહેવત પહેલાં બરાબર ખરી હતી, જ્યારે રાજા સ્વતંત્ર કે પોતે જ શાસક હતો. અંગ્રેજોના જમાનામાં પણ બરાબર હતું કારણ કે તે જે ઇચ્છતા, તે કરતા હતા. આપણું કંઇજ ઉપજતું ન હતું. પરંતુ હવે આ પ્રજાતંત્રના યુગમાં અને ભારતમાં પણ પોતાનું પ્રજાતંત્ર સ્થાપિત થઇ ગયા પછી તો વધારે સાચી વાત 'યથા પ્રજા તથા રાજા' છે. જેવી પ્રજા હશે, તેવું જ રાજ્ય થશે, તેનું જ શાસન હશે. આ વાત આપણે આર્યસમાજીઓએ સારી રીતે સમજી લેવી જોઇએ. જો કે આપણી આર્યસમાજ તો એક ધાર્મિક સંસ્થા છે, કોઇ રાજનૈતિક સંસ્થા નથી. પરંતુ જે આપણા દેશના શાસન સાથે સંબંધ છે, તે એ સંબંધને લીધે છે. જેવી પ્રજા હશે તેવું શાસન હશે, આ તથ્યને લીધે જ સંબંધ છે.

અંગ્રેજોના વિદેશી શાસનને હું 'સ્તેન' તથા 'અઘશંસ' (ચોર અને પાપ

વધારનાર ) શા માટે કહેતો હતો ? એટલા માટે કે તે આપણું શોષણ કરનાર શાસન હતું. ભમરતી સંપત્તિને જુદા જુદા પ્રકારે હરીને-ચોરીને શાંતિથી તે પોતાનું ઘર ભરતું હતું. શરાબ, લાંચ વગેરે પાપી કાર્યોને પ્રોત્સાહન આપતું હતું, વગેરે વગેરે. પરંતુ અંગ્રેજી શાસનની આ બધી ખરાબીઓ માટે હું ત્યારે પણ છેલ્લે આપણી પ્રજાને જ ઉત્તરદાયી માનતો હતો. પરંતુ અત્યારે તો આપણે શાસનની બધી ખરાબીઓ માટે આપણે સીધે સીધા જવાબદાર છીએ. કોઇ બીજા ઉપર દોષ નાંખી શકતા નથી. અત્યારે જે કોઇપણ રીતે ગરીબોનું શોષણ થઇ રહ્યું છે, દેશમાં કાળા બજારો થાય છે, સરકારી કર્મચારીઓ લાંચ લે છે, બીજા પણ ભ્રષ્ટાચાર છે, તે બધાની જવાબદારી આપણા ઉપર જ છે. આર્યસમાજ જેવી સાચી ધાર્મિક સંસ્થાને એવો અનુભવ થવો જોઇએ કે આ બધાને દૂર કરવાની જવાબદારી આપણા ઉપર છે.

આવું શા માટે છે એ વાત આપણે સારી રીતે સમજી લેવી જોઇએ. વેદનો આ ઉપદેશ, વેદની એ આજ્ઞા કે તમારા ઉપર ચોર કે અઘશંસ (પાપની પ્રશંસા કરનાર ) શાસન ન કરે - ત્રણે અર્થમાં લાગુ પડે છે - વ્યક્તિમાં,સમાજમાં અને વિશ્વમાં. વ્યક્તિનું જે પોતાના ઉપર શાસન છે, તેમાં સ્તેન (ચોર ) અને પાપનું શાસન ન થાય તો એવા વ્યક્તિઓથી બનેલા સમાજમાં અને એવા વ્યક્તિઓથી બનેલા રાષ્ટ્રમાં પણ સ્તેન અને અઘશંસનું શાસન કેવી રીતે રહી શકે છે? ધાર્મિક મનુષ્યો,ધાર્મિક સંસ્થાઓનો એ જ દૃષ્ટિકોણ હોય છે અને એ જ હોવો જોઇએ કારણ કે સમાજ અને રાષ્ટ્રમાં વ્યક્તિ જ એકમ ગણાય છે. તેથી જો આપણે ઇચ્છીએ કે તે રાજા અશ્વપતિનો યુગ ફરીથી આ દેશમાં આવે, જે ભારપૂર્વક એ કહી શકતો હતો કે મારા રાજ્યમાં કોઇ ચોર નથી,કોઇ દારુ પીનાર નથી,કોઇ વ્યભિચારી નથી.....,તો તેનો મૌલિક ઉપાય એ જ છે કે આપણે પોતાના વ્યક્તિગત જીવનમાં સ્તેન અને પાપના શાસનને દૂર કરીને સારું સાશન સ્થાપિત કરીએ. વ્યક્તિમાં પળાયેલો ધર્મ જ છે કે જે દેશના શાસનને પણ સાચા અર્થમાં સુધારી શકે છે.

આપણે બધા જ જાણીએ છીએ કે જો કોઇ સુધાર માટે લોકમત તૈયાર નથી તો સરકાર કાનૂન બનાવે તો પણ સારું થઇ શકતું નથી. તે કાનૂનનો ભંગ ધોળે દહાડે થાય છે અને સરકાર કંઇ કરી શકતી નથી.

આપણા દેશના વ્યક્તિઓમાં અને એને લીધે આપણા દેશના સામાન્ય સમાજમાં જો ચોરની ભાવના અને ચોરીની પાપ ભાવનાને વધારાનારાઓનું જ આજે ચલણ છે. તેમનું જ ચાલે છે. તો આપણા રાજનૈતિક શાસનમાં પણ એ જ થશે. તેથી જ મહાત્મા ગાંધી દેશમાં સ્વરાજ્યની પ્રાપ્તિ માટે પણ સદા રચનાત્મક કાર્યો ઉપર ભાર મૂકતા હતા. તેમનું ખાદી વગેરે આંદોલન વ્યક્તિ અને સમાજમાં સારું શાસન લાવવા માટે જ હતા. તેમનું રેંટિયા આંદોલન

શોષણને અટકાવવા માટે જ હતું. કાપડની મિલો દ્વારા ગરીબોનું જે શોષણ થતું હતું,જે સ્તેન (ચોર)નું શાસન ચાલતું હતું તેને દૂર કરીને ગરીબ ભારતવાસીઓને પેટ પૂરતું અન્ન મળે, એને માટે જ હતું. આ પ્રકારના શોષણ પણ કોઇ સરકાર કેવળ કાનૂન બનાવીને અટકાવી શકતી નથી. તેને માટે શોષણની વિરુદ્ધ સમાજમાં જાગૃતિ થવી જરૂરી છે. તો દારુને પણ કેવળ કાનૂનથી અટકાવી શકતી નથી. આ બધા સમાજ - સુધારના કાર્યો કરવા માટે આર્યસમાજ જેવી ધાર્મિક સંસ્થાઓએ કાર્ય કરવું જોઇએ. આપણા દેશના સમાજમાં સાચા ધર્મના પ્રચાર દ્વારા જે અનેક સુધાર અપેક્ષિત છે, તે સુધારો કરવા એ જ દેશમાં સારા રાજનૈતિક શાસનનો પાયો હોઇ શકે છે.

હવે લગભગ દરેક ઉંમરલાયક નાગરિકને મત (વોટ) આપવાનો અધિકાર પ્રાપ્ત છે. પરંતુ પોતાના 'મતદાન' નું મૂલ્ય આપણા દેશવાસીઓ ક્યાં જાણે છે? જેવી રીતે ધન વગેરેનો ખોટો ઉપયોગ થાય છે, તેવી જ રીતે મત (વોટ) પણ વેચવામાં, ચોરવામાં અને ઝુંટવી લેવામાં આવે છે. આપણે મતનેં મહત્વ, મતદાનની પવિત્રતા લોકોન સમજાવવી પડશે. જો આપણે દેશવાસીઓને સમજાવી શકીએ કે તે કોઈપણ જાતના દળમાંન ફસાઇને અને પ્રલોભન કે ભયમાં ન પડીને જે કેવળ શ્રેષ્ઠ, યોગ્ય અને સારા ચરિત્રવાળો હોય તેને જ આપણે આપણો મત આપીએ, તો એ ઘણી મોટી સેવા છે. દેશનું ઘણું હિત એનાથી સાધી શકાશે. ચોર અને અઘશંસ શાસનને દૂર કરવાનો કેટલાંક પ્રબળ ઉપાય છે.

પરંતુ અંતે તો આપણે વ્યક્તિગત રૂપમાં જ ચોર અને અઘશંસના શાસનમાંથી મુક્ત થવાનું છે. જ્યારે આપણે જોઇએ છીએ કે ઠેર-ઠેર અન્યાય છે, સત્યનું ગળું દબાવવામાં આવે છે, લાંચ છે કાળા બજારો છે, બીજા ભ્રષ્ટાચારો છે, સરકારી કર્મચારીઓ જ રક્ષકની જગ્યાએ ભક્ષક છે, આવી રીતે સ્તેન અને પાપ વધારનારાઓનું જ રાજ્ય છવાયેલું છે, તો પણ નિરાશ ન થવું જોઇએ અને એમ સમજવું જોઇએ કે અમે ખરાબ શાસનને દૂર કરીને સારું શાસન સ્થાપીશું અને એને માટે મારાથી વ્યક્તિગત જે કંઇ થઇ શકે છે તે હું કરી રહ્યો છું, તો બધું બરાબર થઇ જશે. પોતાનામાં સારું શાસન હોય તે સૌથી મુખ્ય વાત સૌથી મુખ્ય વાત છે. જ્યારે આપણે પોતે ચોરી કરીએ છીએ, કોઇ જાતના શોષણમાં ભાગીદાર બનીએ છીએ તો આપણી અંદરના આત્માને રાજ્યને દૂર કરીને ત્યાં ચોરીની ભાવનાનું રાજ્ય સ્થાપિત થઇ જાય છે, ત્યારે જ આપણે એવું ખોટું કરીએ છીએ. જ્યારે આપણે પોતે જ પાપને વધારીએ છીએ, પાપને વધારનાર કાર્યો કરીએ છીએ ત્યારે આપણી અંદર આત્માનું રાજ્ય દૂર થઇને પાપ સિંહાસન ઉપર બેસી જાય છે. તેથી જ ગરીબી, અજ્ઞાન, કષ્ટનો લાભ લેવાની ઇચ્છા નહિ કરીએ, ગમે તેટલું મોટું પ્રભોલન હોય કે ભય હોય, પોતે યોગ્ય

વ્યક્તિને જ મત આપીશું. મુશ્કેલી પડવા છતાં લાંચ લઇશું નહિ અને સમય પ્રમાણે કોઇ ચોરી કે પાપમાં ભાગીદાર બનીશું નહિ, ત્યારે જ આપણે આપણા સમાજ કે રાષ્ટ્રમાંથી સ્તેન અને અઘશંસ શાસનને દૂર કરવામાં, એટલું જ નહિ પરંતુ વિશ્વમાંથી, આખી દુનિયામાંથી, આ પૃથ્વી ઉપરથી ચોર અને અઘશંસ શાસનને દૂર કરવામાં સફળ થઇશું અને આપણે આ વેદની આજ્ઞાને આધ્યાત્મિક, આધિભૌતિક અને અને આધિદૈવિક અર્થોમાં પાલન કરનારા બનીશું.

મા વઃ સ્તેન ઇશત મા અઘશંસઃ ।

અનુસંધાન પાના નં. ૪ પર ચાલુ..

આધ્યાત્મિક ચિંતન .... પ્રાર્થના..

છે. પ્રભુ પાસેથી આપણને જે નથી મળ્યું તે પણ આપણાં કર્માનુસાર છે. આ અટલ નિયમ છે. જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે તે પણ આપણાં કર્માનુસાર જ પૂર્ણ થાય છે. પ્રાર્થના સફળ થવાનો અર્થ એ છે કે આપણાં તેવા કર્મ છે. પ્રાર્થનાનું અસફળ થવાનો અર્થ છે કે આપણાં તેવા કર્મ નથી.

પરંતુ આપણે પ્રાર્થનાના સમયે આ તથ્યને હંમેશા ભૂલી જઇએ છીએ. આપણને પ્રભુ ઉપર એવી શ્રદ્ધા બેસી ગઇ છે, આપણને પ્રભુ ઉપર એવો વિશ્વાસ કરી લીધો છે કે તે એવો કૃપાળુ છે જે સાચી ભાવનાથી કરવામાં આવેલી પ્રાર્થનાનો અવશ્ય સ્વીકાર કરે છે. આ સાચી ભાવનાને બનાવવાને માટે હૃદયના ઊંડાણથી પ્રાર્થના કરીએ છીએ, વારંવાર પ્રાર્થના કરીએ છીએ, રોઇ રોઇને પ્રાર્થના કરીએ છીએ, કેટકટલા વ્રત-સંકલપો સાથે પ્રાર્થના કરીએ છીએ, ક્ષમા માંગતા પ્રાર્થના કરીએ છીએ, કંઇક દાન-પૂણ્ય કરી દેવાની શરત રાખીને પ્રાર્થના કરીએ છીએ, અને કરતા જ રહીએ છીએ.

પ્રભુ બહુ દયાળું છે, તે માત્ર ભાવનાથી જ પ્રાર્થના નથી સ્વીકારતો. તે આપણી ભાવનાની સાથો સાથ આપણાં કર્મોને પણ જુએ છે. કર્મ નહીં તો ફળ નહીં, આ નિયમ પ્રભુની બહુ મોટી કૃપા છે, ન્યાય છે, આપણા માટે હિતકારી છે. પ્રભુ-કૃપાથી આપણે સારા-સારા કર્મો આપણા કરતા રહીએ, આપણું કર્માશ્ય જ્યારે પુણ્યથી ભરપૂર હશે તો આપણી દરેક પ્રાર્થના જે આપણા માટે હિતકારી છે, જેનાથી અન્યોને હાનિ નથી થતી, ઝડપ પૂરી થતી જશે.

તે કેટલું આનંદપૂર્ણ જીવન હશે, જ્યારે આપણી પ્રાર્થના ઝડપથી પૂર્ણ થશે, જ્યારે આપણે વારંવાર પ્રાર્થના કરવી નહીં પડે, તે પૂર્ણ કૃપાળુ છે, પ્રાર્થનાને સાંભળે છે, તે પૂર્ણ પણ કરે છે. આપણે બસ આપણું કર્તવ્ય પુરૂ કરવાનું છે, શુભ કાર્યોનો સંચય કરવાનો છે, અશુભ કર્મોથી પૂર્ણપણે ખસી જવાનું છે.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**-સહસંપાદક**

ગતાંકથી ચાલુ....

## અલહસા જવા રવાના

લખબરથી આગળ વધીને હું બે દિવસમાં કતીફ પહોંચી ગયો. અહીંથી ઇબનસાઉદનો ભાગ શરૂ થઇ જાય છે. ત્યાં એક અમીર અરબ ડેપ્યુટી કમિશ્નર રહે છે. તેમણે મને શાહી અતિથિગૃહમાં ઉતારો આપ્યો અને ખાવા-પીવાની બધી વસ્તુઓ આપી દીધી. સામાન્ય રીતે હું અરબમાં મારા પોતાના હાથનું બનાવેલું ભોજન કરતો હતો, પરંતુ જે વ્યક્તિ હિજ બુલ્લાહના સિદ્ધાંતો માની લે તેના હાથનું બનાવેલું ભોજન હું કરી લેતો હતો. કારણ કે આમ કરવાથી "હિજબુલ્લાહ"ના સદસ્યોને પ્રોત્સાહન મળતું હતું.

અહીં પણ અમીરો પાસે ઘણાં ગુલામો હતા. મેં ગુલામોને મુક્તિ અપાવવા ઘણાં પ્રયત્ન કર્યા. આથી તેઓની મારા પ્રત્યે સહાનુભૂતિ વધી અને તેઓ "હિજબુલ્લાહ"ના સદસ્ય બની ગયાં. માત્ર ત્રણ દિવસ પ્રચાર કરીને હું ત્યાંથી અલહસા જવા નિકળ્યો, ત્રણ દિવસે ત્યાં પહોંચી ગયો.

અલહસા જ્યારે તુર્કોનું રાજ્ય હતું ત્યારે શેખ અબુબકર હનફી હતા. જે હજુ પણ છે. તે વિદ્વાન છે. તેના ત્રણ દીકરા છે. એક દીકરો મક્કામાં ભણે છે. તે ઘરેથી ભાગી ગયો હતો, પાછો અલહસા જવા ઇચ્છતો ન હતો. જ્યારે હું મક્કા પહોંચ્યો ત્યારે તે મને મળ્યો હતો. હાલમાં અહીં વહાબી આલિમ ઘણાં છે. જે ઘણું સારુ ભણાવે છે. 'નજદ' સરકાર અને અલહજાજ પાસેથી આ પાઠશાળાને મદદ મળે છે.

અલહસામાં અરબી લોકો સવારે નાસ્તામાં ખજૂર ખાય છે. બપોરે આખા શહેરમાં શોધવા છતાં પણ ક્યાંઈ રોટલી બનતી નહીં જોઇ શકો. બપોરે ભરપેટ ખજૂર ખાય છે અને રાત્રે ભાત. દરરોજ ખજૂર ખાવાથી મારા તો પેઢાં સોજી ગયા હતાં. ત્યાં કિલ્લામાં સૈનિકોનું એક થાણું છે, તેમનું ભોજન પણ નજદી પ્રશાસન તરફથી મળે છે સવારે બધાને ખજૂર આપવામાં આવે છે અને

સાંજે ભાત. અલહસામાં ખજૂરના વૃક્ષો ખૂબ છે. ખેતરોમાં પાણી કૂવામાંથી અપાય છે. અહીંનો શાસક શેખ અબ્દુલ્લા બિન જલવી છે, જે ન્યાયકારી છે, તેણે મને શાહી અતિથિ ગૃહમાં ઉતારો આપ્યો અને મને પ્રચાર કરવાની રજા આપી. દસ દિવસ સુધી મેં પ્રચાર કર્યો. મારા પ્રચારનો સારો પ્રભાવ પડયો.

વાચકોને એ જાણીને આશ્ચર્ય થશે કે મેં દયાનંદ ઉપદેશક વિદ્યાલયમાં થોડું અરબી શીખ્યું હતું, પરંતુ ભારતમાં શીખેલ અરબી ત્યાં બહું ઉપયોગમાં આવ્યું નહીં. હું કરાંચીથી પગપાળા ચાલ્યો હતો. બાર માઇલ ચાલતા બોલી બદલાઇ જતી હતી. જેમ-જેમ બોલી બદલતી જતી હતી તેમ નવા સ્થળના નવા અક્ષરો શીખી લેતો હતો. આ જ રીતે મેં અરબો અને બદ્દુઓમાં પ્રચાર કરતા-કરતા તેઓની ભાષા શીખી લીધી. સંપૂર્ણ અરબમાં હું ફર્યો, પરંતુ પુસ્તકની અરબી ભાષા ક્યાંય બોલાતી નથી. ખલીજ ફારસના કિનારાની અરબી જુદી છે તથા નજદની વળી કંઇ જુદી. એજ રીતે હજાજ, મિશ્ર, ફિલાસ્તીન શામ અલ ઇરાક, અદન અને યમનની અરબીમાં તફાવત મળ્યો.

અહીં તુર્કોના સમયનો કિલ્લો છે. જેમાં ઘોડા રાખેલ છે. નગરની ચારે તરફ એક દિવાલ છે. અને ચાર-પાંચ મોટા દરવાજા છે, જ્યાં દરેક દરવાજે સિપાહીઓનો પહેરો રહે છે. અહીંના લોકો ખૂબ મિલનસાર છે. અહીંથી એક માઇલ દૂર ગરમ પાણીનું એક તળાવ છે, જે કુદરતી સ્રોત છે. આ નગરની ચારે બાજુ વીસ માઇલ સુધી હરિયાળી જ હરિયાળી છે. જ્યાં ફરવાથી મન પ્રસન્ન થઇ જાય છે, પરંતુ અલહસાથી રયાજ સુધીનો પંદર દિવસનો લાંબો રેતાળ રસ્તો છે. તેમાં સુનસાન જંગલ અને માટી ઉપરાંત પહાડીઓ પણ છે, પરંતુ દસ દિવસ ચાલ્યા પછી એક કૂવો પણ આવે છે. તે કૂવા સુધી પણ ત્યાંના જાણકાર જ પહોંચી શકે છે. અલહસામાં ગુલામોની અવસ્થા જોઇને મને ખૂબ દુઃખ થયું. ત્યાં એક સપ્તાહ પ્રચાર કરીને હું આગળ ચાલ્યો.

## રયાજ જવા રવાના

જ્યાં હું અલહસાથી આગળ જવા નીકળ્યો તો શેખ અબૂબકર કે જે એક સજ્જન માણસ છે અને હનફી પણ છે, તેમણે મને કહ્યું કે સમૂહ વિના એકલા ન જશો. અનું કારણ તેમણે જણાવ્યું કે મારા પિતાના વખતમાં મુસલમાન સ્ત્રીઓ અને પુરુષો લગભગ પચાસની સંખ્યામાં અલહસા પગપાળા આવ્યાં હતાં. તે સિંધી લોકોએ મારા પિતા પાસે ખજૂર માગ્યો. તેમને એક ગુણી ખજૂર આપ્યો. તેઓ સમૂહને સાથે લીધાં વિના રયાજ તરફ ચાલ્યાં. રસ્તામાં બધાં જ મરી ગયા. માત્ર એક વ્યક્તિ બચ્યો હતો, જે પાગલ થઇ ગયો હતો. તે જ સમયે એક કાફલો રયાજથી આવતો હતો, જે પેલા પાગલને અલહસા પાછો લાવ્યા થોડા દિવસોમાં એ પાગલ પણ મરી ગયો.

હું એ વાત સારી રીતે જાણતો હતો કે રયાજ સુધીનો મારો માર્ગ ખૂબ ભયંકર છે, કારણકે કાફલા વિના કોઇ વ્યક્તિ એ રેગિસ્તાન પાર ન કરી શકે.

જો કોઇ કાફલા સાથે જઇ રહ્યો હોય અને માત્ર દસ-પંદર મિનિટ વિશ્રામ કરવા રોકાય અને કાફલો દેખાતો બંધ થાય તો ખબર ન પડે કે કાફલો કઇ બાજુ ગયો અને રસ્તો કઇ તરફ છે. કારણ કે ચારે બાજુ રેતી જ રેતી છે. થોડી હવા ફૂંકાવાથી રેતી ઉપરના પદચિહ્નો ભૂંસાઇ જાય છે. ફરી મળવા મુશ્કેલ છે.

કાફલાને જવાને હજુ બે મહિનાની વાર હતી, આથી હું પરમાત્માના સહારે ચાલી નીકળ્યો. મેં આશરે સાડાસાત શેર પાણી સાથે લીધું અને નાના-નાના પીસ્તાલીસ બિસ્કીટ અને થોડો ચા લઇ લીધો. કપડાં અને ધાબળો વગેરે મળીને દસ શેર વજન મારી પીઠ પર લઇ ગયો.

બે કલાક ચાલ્યા પછી એક ગ્લાસ પાણી ગરમ કર્યુ. તેમાં થોડી ચા નાખી અને ખાંડ વિનાની એ ચા સાથે બિસ્કીટ ખાધાં. એ જ રીતે બપોરે અને રાત્રે પણ ખાંડ વિનાની ચા અને બિસ્કીટ ખાઇને નિરવાહ કર્યો. ખાંડ વિનાની ચા અને બિસ્કીટ ખાઇને નિરવાહ કર્યો. ખાંડ વિનાની ચા પીવાથી તરસ ઓછી લાગે છે. દરરોજ માત્ર ત્રણ ગ્લાસ ચા અને ત્રણ બિસ્કીટ ખાતો હતો. પાંચ દિવસ તો બરાબર ચાલતો રહ્યો પરંતુ છઠ્ઠે દિવસે નબળાઇ આવી ગઇ. આ એવી નબળાઇ હતી કે જુલાબ લીધાં પછી જણાય તેવી. ચા અને બિસ્કીટ ખાવાથી નબળાઇ ભલે આવી જાય પરંતુ માણસ બે માસ સુધી મરે નહીં.

હું ચાલતો જતો હતો. જ્યાં રસ્તા અંગે ભ્રમ થાય ત્યાં દિશાસૂચક યંત્રનો સહારો લેતો હતો. મારા બૂટ જો કે નવા ન હતા, તે રસ્તામાં બિલ્કુલ ફાટી ગયા. ત્યાં એક ખાસ પ્રકારના ઝેરી કાંટા હોય છે, જે પગમાં વાગી જાય તો ચાલતી વખતે તો બહુ પીડા નથી થતી પરંતુ રાત્રે એનું ઝેર પગમાં ફેલાય જાય છે. જેથી માણસ ચાલી શકતો નથી. પરંતુ મેં પરમપિતા પરમાત્માની અમૃતવાણી વેદના પ્રચારના ઉત્સાહમાં એ કાંટાનો વિચાર ન કર્યો અને પરમાત્માના ભરોસે ધૈર્યપૂર્વક ચાલતો જ રહ્યો.

માર્ગમાં એકાંત હોવાથી મન એકદમ એકાગ્ર થઇ જાય છે અને પરમાત્માની ભક્તિમાં મન સારી રીતે લાગી જાય છે. આ રીતે ભક્તિ કરતા - કરતા નવ દિવસ થઇ ગયા અને પાણી પર ખૂટી ગયું, પરંતુ આજે કેટલાંક પક્ષી આકાશમાં ઉડતા દેખાયાં, જેથી અનુમાન થયુ કે પાણી નજીકમાં હશે. ચાલતા-ચાલતા દસમાં દિવસે બપોરે કેટલાંક ઊંટ-બકરાં ચરતા દેખાયાં. ધીરે-ધીરે કૂવા પાસે પહોંચી ગયો. અહીં દસ-બાર કૂવા એક સાથે હતાં, જેનું પાણી જમીનથી બે ગજ નીચે હતું. મારું એવું અનુમાન હતું કે રણ પ્રદેશમાં પાણી આટલું ઉપર હોય તે કોઇ સ્રોત હોવાનું સિદ્ધ કરે છે.

ક્રમશઃ...

પિતૃ નડતર એક અજ્ઞાત ભય !



# એમને ધૂણવાનું છે... ન છૂટકે રોકાવું પડશે !

- બળદેવભાઇ ઓઝા

અંતરિયાળ ગામે માતાજીનો માંડવો હતો. બસનું ઠેકાણું નહીં. સાંજ પડે પછી વળતા કોઇ વાહન ન મળે. સંબંધના નાતે મારા એક સ્નેહીની ગાડી લઇને સહપરિવાર માંડવામાં ગયા.

હું તો આભો જ બની ગયો. નાના એવા ગામમાં ફોર વ્હીલ ગાડીઓનો પથારો લાગી ગયો. રંગબેરંગી મોંઘી મોંઘી ગાડીઓ: નજર નાખો ત્યાં ગાડી જ ગાડી. હું વિચારે ચડયો,

"અમારા સમાજમાં કેવી સમૃદ્ધિ છે. વર્ષો પહેલાં સાયકલના ફાંફા હતા. આજે ગાડીઓની ભરમાર છે. સારૂં છે. પ્રગતિની નિશાની છે."

જ્ઞાતિ અને સામાજિક કામનો બહોળો અનુભવ ધરાવતુ મન વળી ચકરાવે. ચડયું,

આ ફોર વ્હીલના માલિકો બધા શિક્ષિત અને સંપન્ન જ હોય. શિક્ષણ, જ્ઞાતિ સુધારણાના ઘણા કાર્યક્રમો મેં જોયા છે. ખૂબ પાંખી હાજરી હોય છે. અહીં ડાકલાના તાલે ભૂવા ધૂણવાના છે. પિતૃ પ્રગટ થવાના છે. આ અલૌલિક વૈભવ માણવા સૌ દોડી આવ્યાં છે.

જે હોય તે. ગામડા ગામમાં રાત રોકાવાય એવું હતું નહીં. સાહિત્યકાર તરીકે નવું નવું જોવા જાણવા સિવાય મને અહીં બીજો કોઇ રસ હતો નહીં. ધૂણવાની ખરી રંગત તો રાત્રે જ જામે. સાંજની પ્રસાદી લઇને અમે નીકળવા તૈયાર થયા. મારા એક પરિચિત બહેન મળ્યા. મેં વિવેક બતાવ્યો,

"ગાડીમાં જગ્યા છે આવવું હોય તો ચાલો."

"આવવું તો છે પણ રોકાવું પડશે. એમને ધૂણવાનું છે. વારો આવે ત્યારે ખરો. ભૂવા ઘણાં છે. રાત્રે બે-ત્રણ વાગ્યે પણ વારો આવે. અહીં રહેવાના ઠેકાણા નથી, પણ એમને મૂકીને મારાથી થોડું નીકળી જવાય?"

એમની કઠણાઇ સાચી હતી. મેં વળી પૂછી જોયું,

"તમને પણ ધૂણે એમાં રસ હશે ને?"

"ના રે ના! આ તો બધું ઠીક છે. ભાઇ! એ ભલે ધૂણતા હોય. હું એક ખૂણામાં પડી રહીશ."

અને એક પતિવ્રતા નારીની અદામાં પરંતુ એક લાચાર સ્ત્રીના મુખમાંથી શબ્દો સરી પડયાં-

"ગમે કે ના ગમે. આ તો રોજનું થયું. એમને મુકીને મારાથી થોડું નીકળી જવાય ?"

## બાળ વિભાગ



મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. – સહસંપાદક

# ગંગા સ્નાન અને આપણાં પાપ




ગંગા કિનારે, સ્રીઓ-પુરુષો ખૂબ શ્રદ્ધા અને પ્રસન્નતાથી ગંગામાં ડુબકીઓ લગાવી ન્હાતા હતાં.બાળક ધર્મ પ્રકાશ દૂર ગંગાના કિનારે બેઠો-બેઠો કંઇક વિચાર કરી રહ્યો હતો.
જય ગંગા મૈયા!
હર હર ગંગે!
ગંગા મૈયા તું પણ વિચિત્ર વસ્તુ છો. આટલા બધાં લોકોના પાપ લઇને તું તો પાપથી ભરાઇ ગઇ છો, તને ક્યું નરક મળશે?
અચાનક ગંગાની ધારામાંથી એક સુંદર સ્રી બહાર આવીને બાળકને કહેવા લાગી -
બાળક! તું હજી નાનો છે. જો આ લોકો પોતાના પાપ પોતાની પાસે નથી રાખતા તો તેઓના પાપ હું મારી પાસે શા માટે રાખું?
શું ? એમના પાપ તું નથી રાખતી, તો એ પાપોનું તું શું કરે છે?
તું જોતો નથી કે હું સમુદ્રને મળુ છું, હું આના બધાં પાપ લઇ જઇને સમુદ્રમાં નાખી દઉં છું
સમુદ્ર એ બધા પાપોનું શું કરે છે?
મને શું ખબર? સમુદ્રને જઇને પૂછ!



સમુદ્રના કિનારે જઇને બાળકે જોયું તો દૂર દૂર સુધી પાણી જ પાણી. થોડું અંદર જઇને પાણી પીધું તો પાણી ખારૂ લાગ્યું. તે વિચારવા લાગ્યો -
ગંગાએ સાચુ કહ્યું હતું કે તે બધાં પાપ સમુદ્રમાં નાંખી દે છે આથી જ તો આના પાણીમાં ખારાશ છે. કારણ કે બધાં પાપ આમાંજ સમાયા છે.
અચાનક સમુદ્રમાંથી અવાજ આવ્યો -
અરે બાળક ! તું શું એમ સમજશ કે ગંગા ચતુર અને હું મૂર્ખ છું કે બધાંના પાપ હું મારી પાસે રાખું ?
શું તમે પણ એ બધાં પાપ ક્યાંક આગળ મોકલી દો છો ?
જો, માણસ પોતાના પાપ ગંગાને આપી દે અને ગંગા મને આપી દે તો હું તે બધાં પાપ મારી પાસે શા માટે રાખું ? હું વરાળ દ્વારા એ બધાં પાપ વાદળાઓને આપી દઉં છું.


હવે બાળક વાદળાઓ તરફ જોઇને વિચારવા લાગ્યો કે એ પાપોનું વાદળાઓ શું કરતા હશે? એ જાણવા માટે મારે આકાશમાં જવું પડશે. અને બાળક ધર્મપ્રકાશ વાદળાઓ વચ્ચે પહોંચી ગયો!
હે વાદળાઓ! તમારામાં કેટલાં પાપ રહે છે? જો આથી જ તારો રંગ કાળો પડી ગયો છે.
તું ક્યાંથી આવ્યો છે અને આ કેવી વાત કરે છે? મારી પાસે પાપ ક્યાંથી આવ્યાં?
બાળક બોલ્યો -
બધાં લોકો પોતાના પાપ ગંગામાં ધૂએ છે, ગંગા એ પાપ સમુદ્રમાં નાંખી દે છે, સમુદ્ર વરાળ સાથે ઉડાડીને તે બધાં પાપ તારી પાસે મોકલી દે છે, તો તું પાપી ગણાય કે નહીં?
ઠીક! તું લોકોના પાપની વાત કરતો હતો? તો સાંભળ, એમાં મારો કોઇ દોષ નથી.


બધાંના પાપ લઈને ફરે છે અને કહે છે કે એમાં મારો કોઈ દોષ નથી. મારા માતા કહેતા હતા કે પાપી લોકોને ભગવાન નરકમાં નાંખીને દુઃખ આપે છે.
બાળક! તું બાળક જ રહ્યો ને? જ્યારે મેં કોઈ પાપ કર્યા જ નથી તો ભગવાન મને નરકનું દુઃખ શા માટે આપે? ભગવાન ક્યારેય અન્યાય કરતો નથી. તે ન્યાયકારી છે.
બાળકે વાદળાઓને પૂછ્યું -
આ કેવો ન્યાય? જેણે પાપ કર્યા છે ને પોતાના પાપ ગંગામાં ધોઈને પવિત્ર થઈ જાય છે, તેને કોઈ દંડ મળતો નથી, તું એમ કહે છે કે આ પાપ મેં નથી કર્યા તો પછી એ પાપોનો દંડ કોને મળશે?
તે જ લોકોને મળશે કે જેમણે પાપ કર્યા છે.




* पाप कर्मों से बचने का कोई उपाय नहीं है। किसी भी प्रकार का कोई उपाय करके पापों के फल से बचा नहीं जा सकता। हमारे अच्छे-बुरे सब कर्मों का फल हमें भोगना ही पडता है।

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

## આણંદ આર્યસમાજ દ્વારા
# મહર્ષિ દયાનંદ સરસ્વતી જન્મોત્સવની ઉજવાઈ.



આર્યસમાજના સંસ્થાપક, વેદોદ્ધારક, મહાન સમાજ સુધારક, સ્વતંત્રતાના પ્રથમ ઉદ્‌ઘોષક પં. શ્યામજી કૃષ્ણ વર્મા અને ક્રાંતિવીરોના પ્રેરક ગુજરાતના પનોતા પુત્ર મહર્ષિ દયાનંદ સરસ્વતીના ૧૯૪માં જન્મદિવસની ઉજવણી તા. ૧૦-૦૨-૨૦૧૮ શનિવારના રોજ ચરોતર આર્યસમાજ, આણંદ ખાતે કરવામાં આવી.

આ પ્રસંગે જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે સંસ્થાના પુરોહિત પં. કનુપ્રસાદ શાસ્ત્રી તથા માનદ્ પુરોહિત પં. લાલજીભાઇ આચાર્યના સંયુક્ત બ્રહ્મત્વ માં વૈદિક સંધ્યા, પર્વયજ્ઞ તથા ભજન પ્રવચનનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા, સહમંત્રીશ્રી ચંદુભાઇ પરમાર, પુસ્તકાલય અધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ તેમજ અંતરંગ સભ્યો શ્રી વિઠ્ઠલભાઇ પરમાર, શ્રી ગોરધનભાઇ આર્ય, શ્રી રમેશભાઇ સોઢા, શ્રી હિતેષભઇ પટેલ તથા આમંત્રિત મહેમાનો સહિત સંસ્થાના કર્મચારીગણ તથા અન્ય આમંત્રિત મહાનુભાવો હાજર રહ્યા હતા. પ્રમુખશ્રીએ મહર્ષિ દયાનંદના જીવન અને કાર્ય અંગેની માહિતી હાજર સૌને આપી હતી.

આ પ્રસંગે સંસ્થા તરફથી પ્રમુખશ્રીએ મહર્ષિ દયાનંદ જીવન ચરિત્ર પુસ્તક સૌને ભેટ આપી હતી. આભાર વિધિ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયભાઇ આર્યએ કરી હતી. શાંતિપાઠ, જયઘોષ અને પ્રસાદ વિતરણ સાથે સફળતાપૂર્વક જન્મોત્સવ સંપન્ન થયો હતો.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ
# આણંદ દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાઇ.

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા એન. એસ. પટેલ આર્ટસ કોલેજને મહર્ષિ દયાનંદ સરસ્વતી વિજયપદ્મ શીલ્ડ આપવામાં આવેલ છે. આ શીલ્ડ માટે દર વર્ષે આંતર કોલેજ ચર્ચા સ્પર્ધાનું આયોજન એન. એસ. પટેલ આર્ટસ કોલેજ ખાતે કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૩-૨-૨૦૧૮ ને શનિવારના રોજ સમાજના વિકાસમાં મીડિયા હાનિકારક છે? વિષય પર ચર્ચા સ્પર્ધા યોજાઇ ગઇ, જેમાં આણંદ જિલ્લાની બાર જેટલી કોલેજના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં શીલ્ડ એન. એસ. પટેલ આર્ટસ કોલેજ આણંદને પ્રાપ્ત થયો હતો. જ્યારે વ્યક્તિગત રીતે પ્રથમ નંબર સૈયદ સેજાદહુસેન (એન. એસ. પટેલ આર્ટસ કોલેજ, આંણંદ બી. વોક), દ્વિતીય નંબર મહેંદીસૈયદ મીરા હુસેને (સી. પી. પટેલ કોર્મસ કોલેજ- ) તથા તૃતીય નંબર શ્રૃતિ મૈથાનીએ (એન. વી. પટેલ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ કોલેજ, વિદ્યાનગર) પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને આર્યસમાજ સંસ્થા દ્વારા રોકડ પુરસ્કાર તથા પુસ્તકો ભેટ આપ્યા હતા. તદુપરાંત તમામ સ્પર્ધકોને પુસ્તકોનો સેટ તથા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રતિનિધિશ્રી રાજેન્દ્રસિંહ રાજ (પુસ્તકાલયાધ્યક્ષ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા તથા આચાર્યશ્રી એન. એસ. પટેલ આર્ટસ કોલેજના સીધા માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કોલેજ દ્વારા સક્રિય સહકાર આપવા બદલ આનંદની ભાવના સાથે સંસ્થાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઋષિ બોધોત્સવ પર્વની ગુજરાતમાં ઉત્સાહભેર ઉજવણી



આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીને મૂળશંકરમાંથી મહર્ષિ બનાવનાર દિવસને આર્યસમાજ બોધોત્સવ તરીકે ઉજવે છે. મહાશિવરાત્રિએ ટંકારાના કુબેરનાથ શિવાલયમાં પૂજા કરતી વેળાએ જોયેલ દશ્યએ મૂળશંકરના આત્માને હચમચાવી નાખ્યો અને પૂર્વ જન્મના સંસ્કાર જાગૃત થયા. તે સંસ્કારો પલ્લવિત થયા અને વિશ્વને પાંચહજાર વર્ષ પછી મળ્યા મહર્ષિ.

આ દિવસને આર્યસમાજ બોધપર્વ તરીકે ઉજવે છે. ગુજરાતમાં મુખ્ય પર્વ મહર્ષિ જન્મ ગામ ટંકારામાં ઉજવવામાં આવે છે. જેનું આયોજન મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ - ટંકારા દ્વારા કરવામાં આવે છે. ચાલુ વર્ષનો બોધોત્સવ મહા વદ - ૭ થી યજુર્વેદ પારાયણ યજ્ઞથી પ્રારંભ કરવામાં આવ્યો. જે સાત દિવસ સુધી ચાલ્યો અને મહાશિવરાત્રિના રોજ મહાવદ - ૧૩ના રોજ પૂર્ણ થયો.

મુખ્ય કાર્યક્રમ ત્રણ દિવસ મહા વદ - ૧૨ - ૧૩ - ૧૪ તદનુસાર તા. ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના યોજાયો. જેમાં શોભાયાત્રા, શ્રદ્ધાંજલિ સભા, સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યાયામ પ્રદર્શન, પ્રશ્નમંચ, વેદ-યોગદર્શન કણ્ઠસ્થીકરણ, વોલીબોલ ટૂર્નામેન્ટ વગેરે યોજાયાં.

બોધોત્સવમાં આર્યસાહિત્ય સામગ્રી વગેરેના સ્ટોલ પણ આકર્ષણના કેન્દ્ર રહ્યાં. કાર્યક્રમમાં આશરે ૧૦,૦૦૦ લોકોએ હાજરી આપી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે નવનિર્મિત મહાત્મા સત્યાનંદ મુંજાલ ગુરુકુલ ભવનનું ઉદ્ઘાટન મુંજાલ પરિવાર દ્વારા કરવામાં આવેલ હતું.

વૈદિક વિદ્વાન ગુરુકુલ કાંગડીના વેદ વિભાગાધ્યક્ષ ડૉ. રૂપકિશોર શાસ્ત્રીએ પોતાના વિશેષ ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા બોલનારની સંખ્યા નિરંતર ઓછી થઇ રહી છે. ઋષિ બોધોત્સવ પ્રસંગે સંકલ્પ લઇએ કે જીવનમાં સંસ્કૃતને સ્થાન આપીશું.

આ પ્રસંગે સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન શ્રી સુરેશચંદ્રજી આર્ય, ડી. એ. વી.ના નિર્દેશકશ્રી સભાના, ટંકારા ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી લધાભાઇ પટેલ, શ્રી યોગેશ મુંજાલ, શ્રી સુધીર મુંજાલ, શ્રી સુનીલ માનકટાલા, શ્રી અરુણ અબ્રોલ, શ્રી ગિરીશ ખોસલા વગેરે તેમજ ગુજરાત તથા ગુજરાત બહારની આર્યસમાજોના પદાધિકારીઓ, સદસ્યો અને ઋષિ ભક્તો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનુ સંચાલન શ્રી અજય સહગલે કર્યુ હતું. ત્રણ દિવસ સુધી ઋષિ લંગર ચાલુ રહ્યું હતું.



ઋષિ બોધોત્સવ પર્વ આર્યસમાજ ટંકારામાં બોધોત્સવ દિવસે સાંજે ૫ થી ૭.૩૦ ઉજવવામાં આવ્યું. આ દિવસ આર્યસમાજ ટંકારાનો સ્થાપના દિવસ છે. સન્ ૧૯૨૬ના મહાશિવરાત્રિના રોજ આર્યસમાજ ટંકારાની સ્થાપના સ્વામી શ્રદ્ધાનંદજી દ્વારા કરવામાં આવેલ હતી. આથી ૯૩મો સ્થાપના દિવસ સ્વામી શાંતાનંદજીના સાનિધ્યમાં ઉજવવામાં આવ્યો. જેમાં યજ્ઞ, ભજન, પ્રવચન તેમજ ઘર-ઘર યજ્ઞ, હર ઘર યજ્ઞના અભિયાન અંતર્ગત ચાલુ વર્ષે પોતાના ઘરે નિયમિત યજ્ઞ કરવાનો સંકલ્પ લેનાર પાંચ પરિવારોને યાજ્ઞિક પરિવાર જાહેર કરવામાં આવ્યા અને તેઓને મહાનુભાવોના વરદ હસ્તે સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યા.

આ પ્રસંગે આર્યસમાજ ટંકારા દ્વારા સંચાલિત આર્યવીર દળ અને વૈદિક પાઠશાળાના બાળકોએ વેદમંત્ર, આર્યસમાજના નિયમો વગેરે રજૂ કરી શ્રોતાઓની પ્રશંસા મેળવી હતી.

કાર્યક્રમમાં ટંકારા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી લધાભાઇ પટેલ, શ્રી અજય

સહગલ, શ્રી સુનીલ માનકટાલા, શ્રી અરૂણ અબ્રોલ વગેરે તેમજ શ્રી રાજીવ ચૌધરી (દિલ્લી), સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાનશ્રી સુરેશચંદ્ર આર્ય, પ્રાંતીય સભાના કોષાધ્યક્ષ શ્રી પૂનમચંદ નાગર, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રધાનશ્રી રણજીતસિંહ પરમાર વિવિધ આર્યસમાજોના પદાધિકારી ગણ, સદસ્યો અને ઋષિ ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

ભજનોપદેશકશ્રી સત્યપાલ પથિક અને શ્રી દિનેશચંદ્ર પથિકએ ભજનો રજૂ કરેલ હતા.

આ પ્રસંગે આર્યસમાજ ભવનમાં નિર્મિત સભાખંડના શ્રી ઓંકારનાથ માનકટાંલા સભાગૃહ નામકરણની તક્તિ શ્રી સુનિલ માનકટાંલાએ ખુલ્લી મુકી હતી.

કાર્યક્રમનું સંચાલન આર્યસમાજ ટંકારાના ઉપપ્રમુખ હસમુખ પરમાર અને મંત્રીશ્રી દેવકુમાર પડસુંબિયાએ કર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે ઋષિ બોધોત્સવ પર્વને ઉલ્લાસમય બનાવવા આર્યસમાજ ટંકારા દ્વારા ટંકારા નગરને વિવિધદ્વાર (કમાનો), રોશની, ઓમ્ ધ્વજ અને બેનરો વડે સુશોભિત કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે આર્યસમાજ ભવનમાં નિર્મિત સભાખંડના શ્રી ઓંકારનાથ માનકટાલા સભાગૃહ નામકરણની તક્તિ શ્રી સુનિલ માનકટાલાએ ખુલ્લી મુકી હતી.

કાર્યક્રમનું સંચાલન આર્યસમાજ ટંકારાના ઉપપ્રમુખ હસમુખ પરમાર અને મંત્રીશ્રી દેવકુમાર પડસુંબિયાએ કર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે ઋષિ બોધોત્સવ પર્વને ઉલ્લાસમય બનાવવા આર્યસમાજ ટંકારા દ્વારા ટંકારા નગરને વિવિધદ્વાર (કમાનો), રોશની, ઓમ્ ધ્વજ અને બેનરો વડે સુશોભિત કરવામાં આવેલ હતું.



આર્યસમાજ, આણંદ - સંવત ૨૦૭૪ના મહાવદ - ૧૩ ને તા. ૧૩-૨-૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા દરમ્યાન ચરોતર પ્રદેશ આર્યસમાજ-આણંદના

પ્રાંગણમાં મહાશિવરાત્રીના શુભપ્રસંગે ઋષિ બોધોત્સવ પર્વની પરંપરાગત રીતે ધામધૂમથી ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. અમૂલ્ય માનવ જન્મ ધારણ કરીને મોક્ષ મેળવવાનું એકમાત્ર લક્ષ્ય પ્રાપ્ત કરવા સાચા શિવનો બોધ ગ્રહણ કરવાના આ પાવન પ્રસંગે ચરોતરના સેંકડો આર્ય-બંધુઓ, વિદ્યાર્થી ભાઇ-બહેનો, વાલીઓ, શિક્ષકો તથા આમંત્રિત મહાનુભાવોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ઋષિ બોધોત્સવ-૨૦૧૮ આર્ય-પર્વનો પ્રારંભ વૈદિક સંધ્યાથી કરવામાં આવ્યો. પર્વ-યજ્ઞના બ્રહ્મા, ઋત્વિક તથા યજમાનોનું સન્માન વૈદિક મંત્રોચ્ચાર સાથે તિલક અને પુષ્પાહાર પહેરાવીને કરવામાં આવ્યું હતું.

પર્વના પાવન પ્રસંગે બૃહદ્ - યજ્ઞ વિધિ ધર્માચાર્ય પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાંતચાર્ય) તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં યોજવામાં આવી. આ વિધિમાં હાજર સૌએ ઋષિ દયાનંદના જીવનચરિત્રમાંથી બોધપાઠ લેવાના સંકલ્પનો પુનઃરોચ્ચાર કર્યો હતો. પર્વ-પર્વની પૂર્ણાહૂતિ બાદ સામૂહિક યજ્ઞપ્રાર્થના, ભજન અને વૈદિક આરતીનું ગાન શ્રદ્ધાપૂર્વક કરવામાં આવ્યું.

યજ્ઞ બાદ સંસ્થાના વ્યવસ્થાપકશ્રી પં. વિજયકુમાર આર્ય એ પર્વ પ્રસંગે હાજર સૌ આમંત્રિતો, યજમાનો, શાખા આર્યસમાજના સભ્યો તેમજ શિક્ષકો-વાલીઓ, વિદ્યાર્થી ભાઇ-બહેનોનું શાબ્દિક સ્વાગત વૈદિક મંત્રોચ્ચાર સાથે કરીને ગાંધીનગરથી પધારેલા વૈદિક પ્રવક્તા શ્રી અરવિંદભાઇ રાણાનું સન્માન સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાના હસ્તે પુષ્પાહાર અને તિલક દ્વારા કરવામાં આવ્યું હતું.

ઋષિ બોધોત્સવ પર્વ પ્રસંગે ગાંધીનગરથી પધારેલા વૈદિક પ્રવક્તા શ્રી અરવિંદભાઇ રાણાએ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે:

સ્વામી દયાનંદ સરસ્વતીને મહાશિવરાત્રીના પવિત્ર દિવસે આજથી ૧૭૯ વર્ષ પૂર્વે ટંકારા સ્થિત શિવ મંદિરમાં સાચા શિવ અંગે જે બોધ થયો હતો, તેની યાદ સ્વરૂપે દર વર્ષે આર્યસમાજોમાં બોધોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ દિવસ આપણાં સૌના પરમાત્માના સાચા સ્વરૂપને ઓળખીને પરમાત્માની પ્રાપ્તિ એ મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ છે. તે બોધ પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપે છે

આ પ્રસંગે નિબંધ સ્પર્ધાના વિષય માનવ સંગઠનના ઉપાયો ઉપર ચર્ચા કરતાં તેઓએ જણાવ્યું કે : વેદમાં માનવ સંગઠન માટેની પ્રેરણા આપતાં સંગઠન સૂક્ત ઉપર આપણે સૌએ વિચાર કરવાની જરૂર છે. આપણે

અનુસંધાન પાના નં. ૨૯ પર

# ગુજરાતમાં આર્યસમાજના નવાં પ્રકલ્પનો શિલાન્યાસ
# વૈદિક વાત્સલ ધામ



ગત તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે વનવાસી ક્ષેત્રમાં સેવાના નવા પ્રકલ્પ વૈદિક વાત્સલ્ય ધામના શિલાન્યાસનો કાર્યક્રમ યોજાઇ ગયો.

આર્યસમાજ પોતાના સ્થાપના કાળથી જ વૈદિક ધર્મ પ્રચારની સાથે સેવા કાર્યો કરતો આવ્યો છે. અજ્ઞાન સામે લડવું એ આર્યસમાજનું મુખ્ય કાર્ય છે તેમ અજ્ઞાનની જ ઉપજ અન્યાય અને અભાવ છે. આથી આર્યસમાજ અન્યાય અને અભાવની સામે પણ લડતો રહ્યો છે.

લોકોની અજ્ઞાનતાનો ગેરલાભ જેમ સ્થાપિત હિતો લેતા હોય છે તેમ વિદેશી વિધર્મી સંગઠનો પણ લેતા હોય છે. આવા સંગઠનો યોજનાબદ્ધ રીતે લોકોના ભોળપણનો લાભ ઉઠાવે છે. આપણાં દેશના એવા ઘણાં વિસ્તારો છે કે જ્યાં શિક્ષણનો અભાવ છે અને તેના કારણે ગરીબીનું સામ્રાજ્ય છે. આ બંને પરિસ્થિતિ શોષણનું કારણ બને છે. આવા વિસ્તારો મોટા ભાગે પર્વતીય અને વાનાંચલમાં વિશેષ છે.

આર્યસમાજ દ્વારા આવા પ્રદેશમાં વસતા લોકો માટે શિક્ષણ સુવિધા, આરોગ્ય અને રોજગારી તથા સંસ્કાર સિંચનના પ્રકલ્પો ચલાવવામાં આવે છે. જો કે વિદેશી-વિધર્મી સંગઠનોની તુલનામાં આર્યસમાજનું આ સેવાકાર્ય અતિઅલ્પ છે. આમ છતાં આર્યસમાજની નિષ્ઠા અને નિઃસ્વાર્થતા ઉચ્ચકક્ષાની છે.

ઓરિસા, મધ્યપ્રદેશ, પૂર્વોત્તર રાજ્યોના પર્વતીય અને વનપ્રદેશોમાં

આર્યસમાજ દ્વારા વિવિધ સેવા પ્રકલ્પો ચલાવવામાં આવે છે. જેના સાર્થક પરિણામો પણ મળી રહ્યા છે. પરંતુ ગુજરાતમાં આવેલા આવા વિસ્તારોમાં આર્યસમાજનું સેવા કાર્ય નગણ્ય રહ્યું છે. આમ છતાં ભૂતકાળમાં વ્યક્તિગત ધોરણે વૈદિક ધર્મ પ્રચાર-પ્રસાર માટે કેટલાંક આર્ય ભાઇઓએ કરેલા નોંધનીય પ્રયાસાઓની સુવાસ આજે પણ જોવા મળે છે.



શ્રી કેશરીસિંહ દેશમુખ

ગત તા. ૨૪-૨૫ ફેબ્રુઆરીના દિવસોમાં ભૂતકાળને ઢંઢોળવા અને તેને વર્તમાન સાથે જોડવાનો પ્રસંગ યોજાઇ ગયો. સ્થળ હતું ભરૂચ જિલ્લાનું નેત્રમ ગામ. અહીં આજથી લગભગ ૬૦ વર્ષ પહેલા પછાત વર્ગના લોકો માટે સેવા યજ્ઞ શરૂ કરવામાં આવેલ. કેટલાંકે સમય આ કાર્ય ચાલુ રહ્યું પરંતુ કાળક્રમે તેમાં શિથિલતા આવતી ગઇ અને અંતે કાર્ય બંધ પણ થઇ ગયું. તત્કાલીન સમર્પિત આર્યો ધીરે ધીરે કાળ કોઠારીમાં સમાતા ગયા. માત્ર એક આર્ય શ્રી કેશરીસિંહ દેશમુખ પોતાના મજબૂત મનોબળ અને રગેરગમાં આર્યસમાજના સંસ્કારો વડે 'કોઇ એક સમય જરૂર આવશે કે અહીં પુનઃ સોનાનો સુરજ ઉગશે.' એ આશા જીવંત રાખી નેત્રંગ ગામના એક ખૂણામાં પોતાના જર્જરિત દેહ અને એથી પણ જર્જરિત મકાનમાં બેસીને ઝીણી નજરે કોઇના આવવાની રાહ જોતા રહ્યાં. તેમની આંખોમાં કેટલો ભૂતકાળ સમાયો હશે! વર્તમાન પેઢી તેની કલ્પના પણ ન કરી શકે. ભૂતકાળને પુનઃજીવિત કરવાનો સંકલ્પ લીધો શ્રી પ્રવીણભાઇ વાસાવા, ડૉ. સ્મિતકુમાર અને શ્રી ગોવિંદપ્રસાદ શાસ્ત્રીએ. તેમના સંકલ્પને બળ પૂરૂ પાડયુ. ડૉ. ઉમાશંકરજી, શ્રી નાથુભાઇ ડોડિયા અને અન્ય આર્યોએ. સહયોગ આપવા તત્પર થયા ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ અને વૈદિક સંસ્થાન ઓઢવનાં પદાધિકારીઓ અને સદસ્યો.

શ્રી પ્રવીણભાઇ વસાવાએ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનો સંપર્ક કર્યો. શ્રી કેસરીસિંહ દેશમુખે લોભ-લાલચ કે ધાક-ધમકીને વશ થયા વિના આજદિન સુધી સાચવી રાખેલ આશરે ૩ એકર જમીન પર સેવા અને સંસ્કારની પ્રવૃત્તિઓ શરૂ કરવા વિચાર રજુ કર્યો. ઉત્તમ વિચાર અને ઉત્તમ કાર્યમાં સહયોગ આપવા સંમતિ આપી. આ સેવા પ્રકલ્પનું નામકરણ શ્રી આચાર્ય દિનેશચંદ્રજી

(રોજડ)એ કર્યું. વૈદિક વાત્સલ્યધામ અને પ્રકલ્પના શ્રી ગણેશ સમારંભની અધ્યક્ષતા માટે પધારવા સહમતિ આપી સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા નવી દિલ્લીના પ્રધાનશ્રી સુરેશચંદ્ર આર્યએ. મુખ્ય અતિથિ તરીકે સ્વીકૃતિ મળી ધારાસભ્યશ્રી મહેશભાઇ વસાવા અને ધારાસભ્યશ્રી છોટુભાઇ વસાવાની કાર્યક્રમને સફળ બનાવવા પોતાના આશીર્વચનો પાઠવવા પધારવા તૈયાર થયા સ્વામી શાંતાનંદજી સરસ્વતી (ગુરુકુલ ભવાનીપુર - કચ્છ).

અતિથિ વિશેષ તરીકે શ્રી પરેભાઇ વસાવા (અધ્યક્ષ ઉત્પાદક, સહકાર, સિંચાઇ વિભાગ - જિલ્લા પંચાયત ભરૂચ), શ્રી મનસુખભાઇ વેલાણી (પ્રધાન, આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડ), શ્રી રણજીતસિંહ પરમાર (પ્રધાન, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા, રાજકોટ) વગેરેની ગરિમામય ઉપસ્થિતિમાં દ્વિદિવસીય કાર્યક્રમ સંપન્ન થયો.

તા. ૨૪ના રોજ સાંજે ૩.૩૦ થી ૬.૦૦ સુધી પંચકુંડી યજ્ઞ અને પ્રવચનો તેમજ રાત્રે ૮ થી ૧૦ આચાર્ય દિનેશજી (રોજડ), ડૉ. ઉમાશંકરજી (સુરત) અને સ્વામી શાંતાનંદજી (ભવાનીપુર - કચ્છ)ના મનનીય પ્રવચનો યોજાયા.

તા. ૨૫ના રોજ સવારે ૮.૩૦ થી મુખ્ય કાર્યક્રમનો પ્રારંભ થયો. જેમાં યજ્ઞ બાદ શ્રી સુરેશચંદ્રજી અને શ્રી મહેશભાઇ વસાવાના હસ્તે ઓમ્ ધ્વજોત્તાલન શિલાન્યાસ અને તખ્તીનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સ્વામી શાંતાનંદજી, શ્રી મનસુખભાઇ વેલાણી, શ્રી દિનેશચંદ્રજી તેમજ વિવિધ આર્યસમાજોના પદાધિકારી ગણ અને સદસ્યો હાજર રહ્યાં હતા.

ત્યાર બાદ શ્રી સુરેશચંદ્રજી આર્યની અધ્યક્ષતામાં કાર્યક્રમ આગળ સંચાલિત થયો હતો. ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દો વડે સ્વાગત્ ડૉ. સ્મિતકુમારે કર્યુ હતું. અને પ્રકલ્પની વિગતે જાણકારી આપી હતી. પ્રતિક વડે સ્વાગત્ આર્યસમાજ નેત્રંગ અને પછાત વર્ગ વિકાસ મંડળના સદસ્યો અને ટ્રસ્ટીઓએ કર્યુ હતું.

આ પ્રસંગે ધારાસભ્યો શ્રી મહેશભાઇ વસાવાએ પોતાનું ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે આજે હું મારી જાતને ખૂબ સૌભાગ્યવાન માનું છું કે આ પ્રકલ્પના શિલાન્યાસ કરાવનો મને અવસર પ્રાપ્ત થયો છે. અહીંથી થનારા સેવા કાર્યો કોઇ પણ પ્રકારના નાત-જાત સંપ્રદાય વગેરેના ભેદભાવ વિના તમામ વનવાસી ભાઇઓને મળશે. આ કાર્યમાં મારાથી બનતો તમામ સહયોગ આપીશ.

શ્રી સુરેશચંદ્રજી આર્યએ પોતાનું હૃદયગ્રાહી ઉદ્‌બોધન કરતા કહ્યું કે હું સર્વ પ્રથમ આ જમીનને સુરક્ષિત રાખનાર વયોવૃદ્ધ શ્રી કેશરીસિંહજીને નમન કરું

છું. તેમના જ કારણે આજે આ શિલાન્યાસ થઇ શકયો છે. અહીંના તમામ ટ્રસ્ટીઓ, સહયોગીઓ વગેરે અભિનંદનને પાત્ર છે. જે વનવાસી લોકોના ધર્માન્તરણ થઇ રહ્યાં છે, તેને અટકાવવામાં અને ધર્માન્તરિત થયાં છે તેમને પુનઃ ઘર વાપસી કરાવામાં આ પ્રકલ્પ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. આ પ્રકલ્પને આર્થિક સહયોગના રૂપે ગુજરાત પ્રાંતીય સભા દ્વારા રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) દાન સ્વરૂપે આપવાની જાહેરાત કરી હતી.

આચાર્ય દિનેશજીએ પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આવા સાહસિક પ્રકલ્પોને સાકાર કરવામાં અર્ધપાગલ દિવાના લોકોની જરૂર હોય છે. સમાજમાં જે કંઇ પરિવર્તનો આવે છે. તે અર્ધપાગલ દિવાનાઓથી જ આવે છે. અહીં પણ આજ દિન સુધી કાર્ય કરનાર અને હવે પછી કાર્યને આગળ વધારનારા અર્ધપાગલ દિવાના જ છે. તેમણે સૂચન કર્યુ કે આ પ્રકલ્પને આર્યવન રોજડની ભગિની સંસ્થા બનાવવી જોઇએ. અહીં સાધના કુટિરો પણ બનાવવી જોઇએ.

સ્વામી શાંતાનંદજીએ વેદમંત્ર દ્વારા દાનનો મહિમા સમજાવ્યો અને તન-મન-ધનથી સહયોગ આપવા પ્રેરણા આપી.

શ્રી મનસુખભાઇ વેલાણી, શ્રી રણજીતસિંહ પરમાર, ડૉ. ઉમાશંકરજી, સ્વામી હરિશ્વરાનંદ વગેરેએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં.

પ્રકલ્પને આર્થિક સહયોગ ચરોતર પ્રદેશ આર્ય સમાજ આણંદ, તરફથી રૂ. ૨ લાખ, શ્રી નાથુભાઇ ડોડિયા (ભરૂચ) તરફથી રૂા. ૧ લાખ તેમજ અન્ય દાતાઓએ પણ પોતાની શ્રદ્ધારૂપી સરવણી વહાવી હતી.

ઉલ્લેખનીય છે કે ડૉ. સ્મિત કુમાર વાસાવા કે જેઓ સર્જન છે તેમણે પોતાની ભરૂચ સ્થિત સમર સર્જિકલ હોસ્પિટલના પ્રોફિટના ૩૦% આ પ્રકલ્પને દાન સ્વરૂપે આપવાની જાહેરાત કરી હતી. તો આર્યજગત્‌ના તેજાબી વક્તા સ્મૃતિશેષ વેદમિત્ર ઠાકોરના સુપુત્ર પ્રતાપસિંહ ઠાકોરે રૂા. બે લાખ દાન સ્વરૂપે એકઠાં કરી આપવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમનું સમાપન શ્રી પ્રવીણચંદ્ર વસાવાના આભાર દર્શન સાથે થયું હતું. સંચાલન ગુજરાત પ્રાંતીય સભાના મંત્રી હસમુખ પરમારે કર્યુ હતું.

## આર્યવીર દળ ગુજરાતનો

# વાર્ષિક પ્રશિક્ષણ શિબિર વડોદરા ખાતે યોજાશે.

આર્યવીર દળ ગુજરાતનો વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આગામી તા. ૨૦ થી ૨૭ મે ૨૦૧૮ સુધી આર્યસમાજ વડોદરાના સૌજન્યથી યોજાશે.

શિબિર સ્થળ : શ્રી નિજાનંદ આશ્રમ,
નેશનલ હાઇ-વે નં. ૮, એલ એન્ડ ટી પાસે,
આજવા-નિમેટા ક્રોસિંગ પાસે, વડોદરા.

શિબિરાર્થીની વય ૧૨ થી ૨૦ વર્ષ રહેશે.

સાંજે ૫-૦૦ સુધીમાં શિબિર સ્થળે પહોંચવાનું રહેશે.

વિશેષ માહિતી અલગ પરિપત્ર દરેક આર્યસમાજને જણાવાશે.

અનુસંધાન પાના નં. ૨૪ પરનું ચાલુ.. **ઋષિ બોધોત્સવ પર્વની ઉજવણી**

સૌના વિચાર, એક ભાષા, એક ધર્મ, એક લક્ષ્ય કેળવી સંગઠિત થઇ ઉન્નતિ, પ્રગતિ, સુખ, શાંતિ, ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા તેઓએ જણાવ્યું કે, યાદશક્તિ વધારવા માટે ઋષિઓએ ચાર પગથિયા (૧) શ્રવણ (૨) મનન (૩) નિદિધ્યાસન અને (૪) સાક્ષાત્કાર બતાવેલા છે, તેનો નિત્ય અભ્યાસ કરવાથી સ્મરણ શક્તિમાં અભૂતપૂર્વ ફાયદો થાય છે.

આ વર્ષે ઋષિ બોધોત્સવ પર્વના ચરોતરની વિવિધ ૨૯ હાઇસ્કૂલમાં નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું જેમાં શાળા દીઠ પ્રથમ, દ્વિતીય, તૃતીય, ક્રમ મેળવાનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને સંસ્થા તરફથી પ્રમાણપત્ર, પાણીની બોટલ તથા ૫ નંગ વૈદિક પુસ્તકોનો સેટ શ્રી અરવિંદભાઇ રાણા તથા સંસ્થાના પદાધિકારી ગણ શ્રી કનકસિંહ વાઘેલા, શ્રી કમલેશભાઇ પટેલ, શ્રી ચંદુભાઇ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ રાજ તેમજ અંતરંગ સભ્યો શ્રી જશવંતસિંહજી સોલંકી, શ્રી ગોરધનભાઇ આર્ય, શ્રી વિઠ્ઠલભાઇ પરમાર, શ્રી રમેશભાઇ સોઢા તથા અતિથિ વિશેષ મહાનુભાવોના હસ્તે ભેટ આપવામાં આવ્યા હતા.

આભાર વિધિ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાએ કરી હતી. ત્યાર બાદ શાંતિપાઠ અને જયઘોષ કરવામાં આવ્યો હતો તથા પધારેલા સૌ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના માનદ્ મંત્રી આર્કિ. અશોકભાઇ ડી. પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

## શ્રદ્ધાંજલિ



વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડના સાધિકા અને સ્મૃતિશેષ દામોદરભાઇ પરીખ (ધ્રાંગધ્રા)ના ધર્મપત્ની શ્રી લીલાવંતીબેનનું ગતા તા. ૨૬-૨-૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે દેહાવસાન થયેલ છે. તેઓ પોતાના જયેષ્ઠ પુત્ર યોગેશભાઇને ત્યાં રહેતા હતા.

માતા લીલાવંતી પોતાના પતિના પદચિહ્નો પર ચાલનાર આર્ય મહિલા હતાં. તેમના પતિ સ્મૃતિશેષ શ્રી દામોદરભાઇ પરીખના ખરા અર્થમાં જીવનસંગિની હતા. શ્રી દામોદરભાઇ આર્યસમાજ ધ્રાંગધ્રાના પ્રાણ હતા. પોતાના સમયમાં તેઓ ધ્રાંગધ્રામાં આર્યવીર દળને ઉચ્ચ શિખર પર લઇ ગયા હતા. માતા લીલાવંતી આર્યવીરોને પોતાના પુત્ર સમાન વહાલ કરતા હતા. આર્યવીરોને માતા લીલાવંતીમાં પોતાની જનેતાના દર્શન થતાં હતા. આર્યસમાજ ધ્રાંગધ્રામાં પધારતા અતિથિઓનું સ્નેહપૂર્વક પોતાના ઘરે આતિથ્ય કરતા હતાં. તેઓ દાનશીલ સ્વભાવના હતા.

માતા લીલાવંતીએ વાનપ્રસ્થ સાધક આશ્રમ - રોજડ ખાતે વર્ષો સુધી સાધનામય જીવન વિતાવ્યું અને આગામી જન્મનું આધ્યાત્મિક ભાથું પ્રાપ્ત કર્યું.

આર્યવૈદિક દર્શનની હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા
# સ્વાધ્યાય શિબિર જૂનાગઢ ખાતે યોજાશે.

ગુજરાત આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્યસમાજના સભાસદો અને સદસ્યો માટે સ્વાધ્યાય શિબિરાનું આયોજન આગામી તા. ૪-૫-૬ મે ૨૦૧૮ (ત્રિ-દિવસીય) કરવામાં આવેલ છે.

શિબિર સ્થળ : પ્રેરણા ધામ, ભવનાથ, જૂનાગઢ

શિબિરાર્થીએ તા. ૪-૫-૨૦૧૮ના રોજ સવારના ૧૧-૦૦ સુધીમાં શિબિર સ્થળે પહોંચવાનું રહેશે. વિશેષ માહિતી અલગ પરિપંત્રથી દરેક આર્યસમાજોને જણાવાશે.

# અંધશ્રદ્ધા નિરોધક વર્ષ નિમિત્તે આર્યસમાજ ભાવનગરમાં વિચાર ગોષ્ઠી

સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાએ વર્ષ ૨૦૧૮ને અંધશ્રદ્ધા નિરોધક વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કરેલ છે. આથી ભારતભરની આર્યસમાજો પોત-પોતાના ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમો દ્વારા સમાજમાંથી અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમો યોજી રહી છે. તદનુસાર ગત તા. ૧૮-૨-૨૦૧૮ ના રોજ આર્યસમાજ ભાવનગર દ્વારા એક વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આર્યસમાજના પુરોહિત પં. ધર્મેન્દ્રકુમાર શાસ્ત્રી અને મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ ગોહિલે તાર્કિક રીતે સમજણ આપી હતી કે ધાર્મિક ક્ષેત્રમાં સૌથી વધુ અંધશ્રદ્ધા વ્યાપેલ છે. જેમકે રાત્રિ જાગરણ. જેમાં વિશેષ કરીને સ્ત્રીઓ વ્રત નિમિત્તે રાત્રિ જાગરણ કરે છે. આ જાગરણ એ એક જાતનો ઉજાગરો છે. ખરેખર તો વૈચારિક જાગૃતિ થવી જરૂરી છે. અને વ્રત પણ એ પ્રકારના જ હોવા જોઇએ.

# ગુજરાત પ્રા. આર્ય. પ્રતિ. સભાના ઉપમંત્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટની ટંકારા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે વરણી.



મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ ટંકારાના ટ્રસ્ટી તરીકે ડૉ. અવિનાશભાઇ ભટ્ટની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. જે ગુજરાતના આર્યજગત માટે ગૌરવ સમાન છે.

ડૉ. અવિનાશભાઇ ભટ્ટ વર્તમાનમાં આર્યસમાજ જામનગર અને આર્ય વિદ્યા સભા જામનગરના માનદ્ મંત્રી તરીકે સેવા આપે છે. તેઓ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિ. સભાના સૌરાષ્ટ્ર ઝોનના મંત્રી, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના ઉપપ્રમુખ છે. તેઓ જામનગર મહાનગરપાલિકના ભૂતપૂર્વ મેયર છે..

તેઓને પ્રા. સભા પ્રમુખશ્રી સુરેશચંદ્ર આર્યએ અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

## આર્યાભિવિનય

BOOK-POST

इषे पिन्वस्व। ऊर्जे पिन्वस्व। ब्रह्मणे पिन्वस्व। क्षत्राय पिन्वस्व। धावापृथिवीभ्यां पिन्वस्व।
धर्मासि सुधर्म। अमेन्यस्मे नृम्णानि धारय ब्रह्म धारय क्षत्रं धारय विशं धारय॥

यजुर्वेद० ३८.१४॥ ३१॥

**વ્યાખ્યા :** હે સર્વ સૌખ્યપ્રદેશ્વર (સુખ આપનાર ઈશ્વર)! અમને इषे ઉત્તમ અન્નથી પુષ્ટ કરો, અન્નના અપાચનથી અથવા કુપાચનથી થતાં રોગોથી બચાવો તથા અમે કદાપિ અન્ન વિના દુઃખી ન થઈએ. હે મહાબળ! ऊर्जे અમને અત્યંત પરાક્રમ માટે પુષ્ટ - દૃઢ કરો. હે વેદોને ઉત્પન્ન કરનારા ! ब्रह्मणे અમને વેદવિદ્યા (પ્રાપ્ત થાય એટલા) માટે બુદ્ધિ આદિ બળથી સદા પુષ્ટ અને બળ યુક્ત કરો.

હે મહારાજાધિરાજ પરમબ્રહ્મન્! क्षत्राय અખંડ ચક્રવર્તી રાજ્ય માટે શૌર્ય, ધૈર્ય, નીતિ, વિનય, પરાક્રમ અને બળ આદિ ઉત્તમ ગુણોથી યુક્ત કરી કૃપા કરીને અમને યથાવત્ પુષ્ટ કરો. અન્ય દેશવાસી રાજા અમારા દેશમાં કદી પણ ન હોય તથા અમે કદી પણ પરાધીન ન બનીએ (ન રહીએ).

હે સ્વર્ગ અને પૃથ્વીના ઈશ! द्यावापृथिवीभ्यास् સ્વર્ગ (પરમ ઉત્કૃષ્ટ મોક્ષ સુખ) (અને) પૃથ્વી (સંસાર સુખ) એ બંને અમને સમર્થ કરો.

ક્રમશઃ

**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - RMS on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018 - 20**

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

પ્રતિ,

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL